# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૪, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૦





માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે ઈ-વ્હીકલ અર્પણ



## યુજીવીસીએલે મેળવ્યો સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (CBIP) એવોર્ડ

'આપણું યુજીવીસીએલ' મેગેઝિન, ડોક્યુમેન્ટ્રિનું વિમોચન તથા

## ૭૧મા પ્રજાસત્તાક દિનની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી



# આ અંકમાં

**અંક–૫૪**
**ફેબ્રુઆરી–માર્ચ ૨૦૨૦**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)

**સંકલન સહાયક**
શ્રી મિતેષ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**તંત્રી મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, ઇન્ચાર્જ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in

## આ અંકમાં

### એવોર્ડ



» યુજીવીસીએલે મેળવ્યો પ્રતિષ્ઠિત સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇરિગેશન એન્ડ પાવર (CBIP) એવોર્ડ........................... ૦૪

**ઇ–વ્હીકલ**
» યુજીવીસીએલે માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલના વરદ્ હસ્તે પાંચ ઇ–વ્હીકલ અર્પણ............. ૦૫

**ઉજવણી**
» ૭૧મા પ્રજાસત્તાક દિનની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી............................ ૦૬


**પ્રતિભાવ** ૧૦

**મુલાકાત**
» સાઉથ એશિયા ફોરમ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર રેગ્યુલેશન (SAFIR)નું પ્રતિનિધિ મંડળ યુજીવીસીએલ સ્કાડા સેન્ટરની મુલાકાતે............... ૧૧

**સંક્ષિપ્ત સમાચાર**
» હિંમતનગર ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન...... ૧૨
» જીયુવીએનએલ પરિવારનું ગૌરવ...................... ૧૩
» સખાવત............................................ ૧૪

**ઉદ્ઘાટન**
» યુજીવીસીએલના નવીનીકરણ કરેલ પોલીસ સ્ટેશનનો ઉદ્ઘાટન સમારંભ.................. ૧૧

# સંદેશ



**યશસ્વી કામગીરી માટે હું છેક પાયાના કર્મચારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું અને પરમકૃપાળુ પરમાત્મા આ પ્રકારની યશસ્વી કામગીરી માટે આપણને સૌને હંમેશા ઊર્જાવાન રાખે તેવી પ્રાર્થના કરું છું.**

*"જેવુ આપણે વિચારીએ છીએ તેવા જ આપણે બની જઈએ છીએ. આપણું જીવન આપણા વિચારોનું ફળ છે. ઉજ્જવળ અને ઉન્નત આશાથી વિશેષ કશું પ્રાપ્ત કરવા યોગ્ય નથી. ઘણા મનુષ્યો તેમની નિરાશાને કારણે જ તેમની દિવ્ય શક્તિઓને સીમિત કરી લે છે."*

**– સ્વેટ માર્ડેન**

**પ્રિય કર્મચારી મિત્રો,**

પહેલી એપ્રિલના રોજ આપણા 'કંપની દિન' નિમિત્તે આપ સૌ કર્મચારીઓને હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. કંપનીકરણ બાદ હવે આપણે સોળમા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ વર્ષોમાં કંપનીએ દર્શાવેલી પ્રશંસનીય કામગીરીને આપણે નવી ઊંચાઈએ પહોંચાડીએ તેવી મંગલ કામના.

ફેબ્રુઆરી માસમાં જાહેર થયેલ CBIP એવોર્ડ તા. ૧૯મી માર્ચના રોજ પ્રત્યક્ષ સ્વરૂપે અર્પણ કરવામાં આવેલ છે. આથી સોળ વર્ષની સફળ કામગીરી બાદ રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાનો આ વીસમો એવોર્ડ કંપનીને પ્રાપ્ત થયેલ છે. આવી યશસ્વી કામગીરી માટે હું છેક પાયાના કર્મચારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું અને પરમકૃપાળુ પરમાત્મા આ પ્રકારની યશસ્વી કામગીરી માટે આપણને સૌને હંમેશા ઊર્જાવાન રાખે તેવી પ્રાર્થના કરું છું.

દરમિયાન, માર્ચ મહિનામાં ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવાયેલ છે. આ પરીક્ષા આપનારાં, યુજીવીસીએલ પરિવારનાં તમામ બાળકોની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર થાય તે માટે શુભેચ્છા પાઠવું છું.

તા. ૮મી માર્ચ ૨૦૨૦ના રોજ આતંરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી આપણે કરેલ છે. ઊર્જાનો અવિરત સ્રોત તેવી યુજીવીસીએલ પરિવારની તમામ મહિલાઓને આદર સાથે શુભેચ્છા પાઠવું છું.

બીજી પણ એક અગત્યની વાત આપ સૌને કહેવા ઇચ્છું છું. તાજેતરમાં ચીનમાંથી વિશ્વભરમાં પ્રસરેલ 'કોરોના' વાયરસ આપણા દેશમાં પણ પ્રસરે તેવી ભીતિ સેવાઈ રહેલ છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે સાવચેતીભરી કાળજી લેવા માટે વિવિધ સૂચનાઓ જારી કરી છે, તેનો અમલ કરવા અને સૌને સ્વાસ્થ્ય જાળવવા હું અનુરોધ કરું છું.

હંમેશ કહેવાય છે તેમ, સારવાર કરતાં સાવચેતી હંમેશા વધુ લાભદાયી છે – આ મુદ્દો ખાસ ધ્યાને લઈને, આપણા દેશમાં કોરોના વાયરસ ફેલાતો અટકાવવાના પ્રયાસોમાં સહભાગી થવા વિનંતી.

**મહેશ સિંઘ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલે મેળવ્યો પ્રતિષ્ઠિત સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (CBIP) એવોર્ડ

## વીજ વિતરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીની બિરદાવી

'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ' આપવાના અવિરત પ્રયત્નો દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ વિતરણક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી દ્વારા ઉત્તર ગુજરાતની સામાજિક અને આર્થિક ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ રહેલ છે. પોતાની કાર્યક્ષમતાના ઊંચા માપદંડો પ્રસ્થાપિત કરી ગ્રાહકોની અપેક્ષાઓને વધુ સારી રીતે સંતોષ આપી શકાય તેવા સતત પ્રયત્નો કરે છે જેને લીધે વિવિધ ક્ષેત્રોની મહત્ત્વની કામગીરી માટે વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ સર્વેમાં કંપનીની કામગીરી ભારતની અન્ય વીજ વિતરણ કંપનીઓની સરખામણીએ અદ્વિતીય રહેલ છે જેને લીધે અત્યાર સુધીમાં 19 જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (સીબીઆઈપી), નવી દિલ્હી દ્વારા બેસ્ટ પરફોર્મિંગ પાવર ડિસ્ટ્રીબ્યુશન યુટીલીટીનો એવોર્ડ એનાયત થયેલ.

શ્રી ગજેન્દ્ર સિંઘ શેખાવત, માનનીય મંત્રીશ્રી, જળ શક્તિ મંત્રાલય, ભારત સરકારના શુભ હસ્તે સીબીઆઈપી એવોર્ડ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડયાને અર્પણ કરવામાં આવેલ.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર (CBIP) દ્વારા સ્કોપ કોમ્પ્લેક્સ, નવી દિલ્હી ખાતે યોજાયેલ ભવ્ય સમારંભમાં શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, માનનીય મંત્રીશ્રી, જળ શક્તિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડયાને આ એવોર્ડ આપવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી યુ.પી. સિંઘ, સેક્રેટરીશ્રી, જળ શક્તિ મંત્રાલય, ભારત સરકાર, શ્રી સંજીવ નંદન સહાય, સેક્રેટરીશ્રી, ઊર્જા મંત્રાલય, ભારત સરકાર તથા શ્રી આનંદ કુમાર, સેક્રેટરીશ્રી, નવીન અને પુનઃ પ્રાપ્ય ઊર્જા મંત્રાલય, ભારત સરકાર એ મંચ પર ઉપસ્થિત રહી શ્રી મહેશ સિંઘ અને શ્રી પી.બી. પંડયાને અભિનંદન પાઠવ્યા હતા.

સદર એવોર્ડ થકી સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરિગેશન એન્ડ પાવર દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને ઉત્તર ગુજરાતના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને વ્યાજબી કિંમતે વીજ પુરવઠો પૂરો પાડવા બદલ તેમજ તમામ ગ્રાહકોને ઉત્તમ સેવા આપવાના કાર્યને બિરદાવવામાં આવેલ.




દેશ-પરદેશથી આમંત્રિત ઊર્જા વિભાગ સાથે સંકળાયેલ સરકારી કંપનીઓ, નિગમો તથા કોર્પોરેટ્સના ચેરમેનશ્રીઓ, મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ, ડિરેક્ટરશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ મેગા ઈવેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીને મળેલ આ એવોર્ડ કંપનીની ભવ્ય યશગાથાને વધુ યશસ્વી રીતે આગળ લઈ જવાનો પ્રસંગ હોવાનું પ્રતિત થયેલ.

સીબીઆઈપી એવોર્ડ માટે દેશના નામાંકિત જ્યુરી સભ્યોમાં સામેલ છે -

- શ્રી પી. મ્હાસકે, ચેર પર્સન, સી.ઈ.એ.
- શ્રી એ.એસ. બક્ષી, ફોર્મર ચેર પર્સન, સી.ઈ.એ.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈરીગેશન એન્ડ પાવરની સ્થાપના ભારત સરકાર દ્વારા ૧૯૨૭માં થઈ હતી. સીબીઆઈપી જળ સ્ત્રોત, ઊર્જા અને રિન્યુએબલ એનર્જી સેક્ટર્સ માટે છેલ્લા ૯૩ વર્ષોથી માહિતીસભર પ્રકાશનો બહાર પાડે છે તથા વિવિધ કોન્ફરન્સ, વર્કશોપ અને સેમિનાર દ્વારા આ સેક્ટર્સ સાથે સંકળાયેલ વ્યક્તિઓ, કંપનીઓ, સરકારી વિભાગો અને કોર્પોરેટ્સને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખાસ મહત્ત્વ ધરાવે છે.

કંપનીની કામગીરીને અનુલક્ષીને વિવિધ સંસ્થાઓ દ્વારા કદર કરીને એવોર્ડ્ઝ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે. સીબીઆઈપી દ્વારા શ્રેષ્ઠ વીજ વિતરણની કામગીરી માટે આપવામાં આવેલ એવોર્ડ દ્વારા કંપનીના કર્મચારીઓમાં હકારાત્મક પ્રતિસાદ જોવા મળેલ અને ગૌરવની લાગણી પણ અનુભવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા સદર એવોર્ડ માટે કંપનીના તમામ કર્મચારીઓની કામગીરી મહત્ત્વની હોવાનું સ્વીકારી તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ■

# યુજીવીસીએલે માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે પાંચ ઈ-વ્હીકલ અર્પણ

તા. 13-2-2020ના રોજ ગાંધીનગર ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ન્યુ ઇએમસી સ્કાડા સેન્ટર ખાતે માનનીય ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા ઈ-વ્હીકલ યુજીવીસીએલને અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, અધિક્ષક ઇજનેર, સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર (આઇ.ટી.), શ્રી વાય.એ. પરમાર તથા કંપનીના ઉચ્ચઅધિકારીઓ, કર્મચારીઓ, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના પત્રકારોની ઉપસ્થિતિમાં યોજાયેલ.

કેન્દ્ર સરકારના એનર્જી એફીસીએન્સી સર્વિસ લી. (EESL) દ્વારા સૂચવ્યા મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ કંપનીઓમાં ઈ-વ્હીકલનો ઉપયોગ કરવા જણાવેલ. જેના ભાગરૂપે સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

પત્રકારો સાથે વાતચીતમાં ઈ-વ્હીકલનો વધુમાં વધુ રોજિંદા જીવનમાં વપરાશમાં આવે અને તેને પ્રોત્સાહિત કરવાના ઉમદા આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આગામી ટૂંક સમયમાં પોલિસી બનાવવામાં આવશે. આવા વાહનો આપણું ભવિષ્ય છે, જેના થકી પર્યાવરણનું પ્રદૂષણ ઘટાડી શકાય છે તેવું ગાંધીનગર ખાતે યુજીવીસીએલને પાંચ ઈ-વ્હીકલ અર્પણ કરવાના સમારંભમાં ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

શ્રી સૌરભભાઈ પટેલે વધુમાં જણાવેલ કે, ઈ-વ્હીકલને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઈ-વાહનો માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું અને રાજ્ય સરકાર તેને પ્રોત્સાહન આપવા લીઝ પર ઈ-વાહનો લેવા કહ્યું હતું. કેન્દ્ર સરકારના આ ઉમદા અભિગમને સાર્થક કરવા માટે રાજ્ય સરકારની કંપનીઓ આ દિશામાં આગળ વધી રહી છે અને સરકારના જુદા જુદા વિભાગને આ વિષયની માહિતી આપી છે. જીયુવીએનએલ દ્વારા ૧૮ ઈ-વાહનો


સ્વાગતમ્


ઉદ્ઘાટન


લીલી ઝંડી


મુલાકાત



ટીમ યુજીવીસીએલ

પાંચ વર્ષ માટે લીઝ પર લેવામાં આવ્યા છે. જેમાંથી ૫ વાહનો યુજીવીસીએલને અર્પણ કરેલ છે. આ તમામ વાહનો ચાર્જિંગ સુવિધા સાથે લેવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર અને ખાનગી કંપનીઓ ઈ-વ્હીકલને પ્રોત્સાહન આપી રહી છે તેવું કહી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પણ આગામી સમયમાં આ અંગેની નક્કર પોલિસી બનાવી રહી છે. આ પોલિસી થકી વધુમાં વધુ નાગરિકો પોતાના રોજિંદા જીવનમાં આવા ઈ-વાહનો વાપરે તેવો ઉમદા અભિગમ પણ આ પોલીસીમાં રાખવામાં આવશે. નક્કર પોલિસી ઘડવા માટે સંબંધિત વિભાગો પાસેથી તેમના અભિપ્રાય માંગવામાં આવેલ. જેના થકી રાજ્યના મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ આ પોલિસી અમલી બનાવવામાં આવનાર છે. આમ જનતાને ખૂબ ઓછા ખર્ચે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળશે.

ભવિષ્યમાં વાહનો વધુ કિલોમીટર ચાલી શકે તેવા આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઈ-વાહનોનો વપરાશ વધતા તેના ચાર્જિંગ સ્ટેશનની પણ માંગ વધશે. આ કાર્ય સરકાર એકલી કરી શકે નહિ, જેથી સરકાર કંપનીઓ અને ખાનગી રોકાણ દ્વારા અમલી બનાવીને વધુમાં વધુ ચાર્જિંગ સ્ટેશન પણ ખોલવાનું સૂચારું આયોજન કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા સોલારને પ્રોત્સાહન આપવામાં આવેલ છે જેથી રૂફટોપની યોજનામાં ૧ લાખથી વધુ અરજીઓ આવેલ.

ગાંધીનગર ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. ના ન્યુ ઇએમસી સ્કાડા સેન્ટરની મુલાકાત લઈ મંત્રીશ્રીએ સ્કાડાની કામગીરીની માહિતી મેળવી હતી. ■

# ૭૧મા પ્રજાસત્તાક દિનની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી

## આ પ્રસંગે દેશભક્તિ ગીતો, કર્મચારીઓને સન્માન, 'આપણું યુજીવીસીએલ' મેગેઝિન તેમજ ડોક્યુમેન્ટ્રિનું વિમોચન અને લઘુનાટિકાની રજૂઆત કરવામાં આવેલ

તા. 26-1-2020ના રોજ યુજીવીસીએલ, રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ મહેસાણાના પટાંગણમાં ૭૧મા પ્રજાસત્તાક દિનની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા ધ્વજ વંદન કરવામાં આવેલ અને સમુહમાં રાષ્ટ્રગીત ગાઈને રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, કંપની સેક્રેટરી, શ્રી એન. એમ. જોષી, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ), શ્રી જી.એચ. એન્જિનીયર તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

**માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘનો પ્રજાસત્તાક દિન નિમિત્તે કર્મચારીઓને શુભેચ્છા સંદેશ...**

૭૧મા પ્રજાસત્તાક દિન નિમિત્તે અત્રે ઉપસ્થિત યુજીવીસીએલ પરિવારના તમામ સભ્યોને હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

ડો. બાબાસાહેબ આંબેડકર દ્વારા ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ પ્રસ્તુત કરેલ બંધારણ થકી આજે આપણે વિશ્વની સૌથી મજબૂત લોકશાહીનું ગૌરવ પામ્યા છીએ. આપણા સૌ માટે એ ગૌરવની વાત છે કે, આપણે લોકશાહીની રચના કરી અને તેને સતત ચેતનવંતી પણ રાખી. આજના આ ગૌરવદિને બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને યાદ કરીને હું સાદર પ્રણામ કરું છું.

વર્ષ ૨૦૦૫થી વ્યાવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરીને ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થઈ છે, જે માટે કંપનીના તમામ કર્મચારીઓને હું તેઓની કાર્યનિષ્ઠા તેમજ કાર્યદક્ષતા માટે અભિનંદન પાઠવું છું. યુજીવીસીએલ પરિવાર હંમેશા દેશની અન્ય વીજ વિતરણ કંપનીઓ વચ્ચે પોતાનું મહત્ત્વ સતત જાળવી રાખશે તેવો મને અતૂટ વિશ્વાસ છે.

સ્થાપના પછીના ૧૪ વર્ષમાં ૧૯ જેટલા રાષ્ટ્રિય તેમજ રાષ્ટ્રિય કક્ષાના એવોર્ડઝથી આપણને નવાજવામાં આવેલ છે. સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટેની પ્રવૃત્તિઓને વધુ બળ મળી રહેલ છે. તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ફોર ઇરિગેશન એન્ડ પાવર (CBIP) દ્વારા આપણને બેસ્ટ ડિસ્ટ્રિબ્યુશન યુટિલિટીના એવોર્ડઝ માટેની જાહેરાત કરવામાં આવેલ છે તે માટે પણ પરિવારના તમામ સભ્યોને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.



ધ્વજ વંદન





પ્રવચન




મંચસ્થ મહાનુભાવો

મિત્રો, ખાસ અગત્યની વાત છે કે, જ્યારે જ્યારે એવોર્ડ માટેની જાહેરાત થાય છે, ત્યારે તેની સંલગ્ન કામગીરી માટે આપ સર્વેમાં રહેલી કાર્યક્ષમતાનો સંસ્થાને પરિચય મળે છે અને ભવિષ્યની કોઈ પણ પડકારજનક પરિસ્થિતિઓને આપ સૌ આસાનીથી પહોંચી વળશો તેવો વિશ્વાસ મળે છે. આપની કાર્યનિષ્ઠા અને કાર્યક્ષમતા હમેશાં

## Academic Awards

| Name of Emp. & Designation S/Shri | Place of Working | To whom / Relation | % age | Std. | Amount of Merit Award/Certificate to Sports persons |
|---|---|---|---|---|---|
| M. P. Zala, Dy. Engr. | Himatnagar (T) S/DN | Daughter – Nandani | 89.71 % | $12^{th}$ | 500/- & Certificate |
| J.R. Thaker, Lineman | Chhapi S/DN | Daughter – Kanan | His Daughter has passed CA Exam in the Month of May-2019 | | 1000/- & Certificate |
| A.S. Damor, COA | R&C Office, MSH | Daughter-Urjashvi | His Daughter has passed GPSC Exam | | 5000/- & Certificate |

## Special Achievement Awards (Account Department)

| | | | | |
|---|---|---|---|---|
| H.K. Khutee, Account Officer | R&C Office, MSH | Self | He has fantastically work on Value Added tax Assessment in UGVCL | Only certificate to be Given |
| R.R. Lakhani, Account Officer | R&C Office, MSH | Self | He has fantastically work on compliances of pending audit pera in UGVCL | Only certificate to be Given |

## Painting Competition Awards during Energy Conservation Week on topic Surya Gujarat (Solar PV Rooftop)

| Name of Participation | Standard | Name & Address of School | Rank | Amount of Award/ Certificate |
|---|---|---|---|---|
| Mistry Drashti K | $10^{th}$ | Our Own High School, Prantij | $1^{st}$ | 3000/- & Certificate |
| Modi Priyanshi Rakeshbhai | $10^{th}$ | Shri B.N. High School, Vadnagar | $2^{nd}$ | 2000/- & Certificate |
| Prajapati Tanuja Surendrakumar | $9^{th}$ | Jawahar Navodaya Vidyalaya, Lanva | $3^{rd}$ | 1000/- & Certificate |

## Sports Achievement: Volleyball

<table>
<tr><td>Y.S. Raval, Jr. Engineer.</td><td>Palanpur (T) S/DN</td><td>Self</td><td rowspan="4">Member of Inter Company Volley- Ball Runners up Team & Selected for AIESCB for the year 2019-20</td><td rowspan="6">Only certificate to be Given</td></tr>
<tr><td>V.D. Chaudhary, Jr. Asstt.</td><td>Gozariya S/DN</td><td>Self</td></tr>
<tr><td>M.R. Chaudhary, Jr.Asstt.</td><td>Mehsana (R) S/DN</td><td>Self</td></tr>
<tr><td>M.M. Dabhi, Jr.Asstt.</td><td>Bhiloda-I S/DN</td><td>Self</td></tr>
<tr><td>Y.K. Chaudhary, Jr.Asstt.</td><td>Visnagar-II S/DN</td><td>Self</td><td rowspan="2">Member of Inter Company Volley- Ball Runners up Team & Selected as standby player for AIESCB for the year 2019-20</td></tr>
<tr><td>J.V. Chaudhary, Jr.Asstt.</td><td>Ladol S/DN</td><td>Self</td></tr>
</table>

જળવાઈ રહે અને કંપની ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાનો સર કરે તેવી મારી શુભેચ્છા. મારા તરફથી હું આપને ખાત્રી અને વિશ્વાસ આપવા માગું છું કે આપ કંપનીના હિતમાં જે કોઈ કામગીરી કરશો તેમાં આપને હંમેશા રચનાત્મક અને હકારાત્મક પ્રતિસાદ મળતો રહેશે. આપને કોઈ પણ મુશ્કેલીઓ પડે તો તે સમયે હું હંમેશા આપની પડખે રહીને કંપની પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત બનાવવા સહયોગ આપતો રહીશ.

મિત્રો, આજે મે અનુભવેલી મહત્ત્વની વાત જણાવું તો તા. 11-12 ઓક્ટોબર 2019 દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ કેવડિયા ખાતે સમગ્ર દેશના ઊર્જામંત્રીઓની યોજાયેલ કોન્ફરન્સમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની ચારે ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓની કામગીરીની મુલવણી કરવામાં આવેલ જેમાં યુજીવીસીએલ સહિતની આપણી અન્ય વીજ વિતરણ કંપનીની કામગીરી દેશની અન્ય વીજ વિતરણ કંપની કરતાં અવ્વલ દરજ્જાની હોવાનું તમામ મહાનુભાવોએ સહર્ષ સ્વીકાર કરેલ. જેનાથી કોઈ મોટી આપણી ઉપલબ્ધિ હોઈ ન શકે તેમ મારું માનવું છે.

ભારતના વડાપ્રધાન અને સ્વચ્છ ભારત અભિયાનના સ્વપ્નદ્રષ્ટા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન માટે કરેલ અનુરોધનો સાનુકૂળ પ્રતિસાદ આપીશું, આપણી તમામ કચેરીઓ સ્વચ્છતાના માપદંડોનું પાલન કરે તેવી અપેક્ષા રાખું છું.

એચ.આર. વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષમાં 600થી વધુ કર્મચારીઓની ભરતી કરીને ખૂબ જ પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## Technical Achievement Awards

### Vigilance Activity

| Name of Engineers | Designation | Name of S/DN | RANK |
|---|---|---|---|
| S.P. Asari | Dy. Engineer | Bhildi | 1 |
| R.N. Patel | Jr. Engineer | Bhildi | 2 |
| Y.S. Kharadi | Jr. Engineer | Talod-1 | 3 |

### Reduction of T&D losses in Urban & JGY category

| Head of S/DN | Name of S/DN | % Achievement | RANK |
|---|---|---|---|
| Dy. Engineer | Kadi-T | 83.43 | 1 |
| Dy. Engineer | Talod-1 | 44.65 | 2 |
| Dy. Engineer | Salal | 30.86 | 3 |

### Improvement in Power reliability

| Head of S/DN | Name of S/DN | % Achievement | RANK |
|---|---|---|---|
| Dy. Engineer | Kudasan | 74.02 | 1 |
| Dy. Engineer | Kujad | 55.13 | 2 |
| Dy. Engineer | Patan City-2 | 36.53 | 3 |

### Zero Electrical Accident

| Head of S/DN | Name of S/DN | Name of Division/Circle |
|---|---|---|
| Dy. Engineer | Chanasma | Patan DO/Mehsana CO |
| Dy. Engineer | Patan City-1 | Patan DO/Mehsana CO |
| Dy. Engineer | Bhiloda-2 | Bhiloda DO/Himatnagar CO |
| Dy. Engineer | Chorivad | Bhiloda DO/Himatnagar CO |
| Dy. Engineer | Vadali | Idar DO/Himatnagar CO |
| Dy. Engineer | Shihori | Deesa-1 DO/Palanpur CO |
| Dy. Engineer | Sanand-2 | Bopal DO/Sabarmati CO |

આપણી કંપની દ્વારા કંપનીના કર્મચારીઓના કૌશલ્ય વર્ધન માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન Gujarat Energy Knowledge Centreના માર્ગદર્શન હેઠળ સાબરમતી અને મહેસાણા ખાતે આવેલ ટ્રેનિંગ સેન્ટરમાં કરવામાં આવે છે. દરેક કર્મચારીને વર્ષ દરમિયાન અલગ અલગ વિષયની ૪ ટ્રેનિંગ આપવાની હોય છે. મને ગૌરવ છે કે ૨૦૧૮-૧૯ દરમિયાન કુલ ૧૪૮૦૯ મેન ડેઇઝને ટ્રેનિંગ આપી સાબરમતી ટ્રેનિંગ સેન્ટર દ્વારા ભગીરથ કામગીરી કરવામાં આવેલ છે. તેમજ મહેસાણાના ટ્રેનિંગ સેન્ટર સાથેના સહયોગ સાથે આપણી કંપની GETRI હસ્તકના ટ્રેનિંગ સેન્ટરમાં પ્રથમ ક્રમાંક પર રહી છે. જે માટે બંને ટ્રેનિંગ સેન્ટરના કર્મઠ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.

રમતગમત ક્ષેત્રે પણ કર્મચારીઓ પોતાની આગવી પ્રતિભા દ્વારા ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, ચેસ જેવી રમતોમાં સફળતા મેળવી ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રિસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટ માટે પસંદગી પામી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનું પ્રતિનિધિત્વ કરશે તેવા કર્મચારીઓને અભિનંદન પાઠવી આગામી ટુર્નામેન્ટમાં પણ સફળતા મળે તે માટે શુભેચ્છા પાઠવું છું.

વીજ વિતરણની આ વર્ષની મહત્ત્વની વાત કરીએ તો અંબાજી ખાતે ભાદરવી પૂનમ અને ઊંઝા ખાતે લક્ષચંડી મહાયજ્ઞ દરમિયાન આપણે વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડ્યો, એ પડકારરૂપ કામગીરી હતી. પાલનપુર સર્કલ દ્વારા કોર્પોરેટ ઓફિસના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ આ કામગીરીની હું ગૌરવભેર નોંધ લઉં છું. ભૂતકાળમાં કંડલાનું વાવાઝોડું હોય, ભુજનો ભૂકંપ હોય સુરતનું પૂર હોય કે આપણા જ વિસ્તારમાં બનાસકાઠામાં અતિવૃષ્ટિને કારણે ઊભું થયેલું સંકટ હોય, યુજીવીસીએલના વીજ કર્મચારીઓએ હંમેશા બમણી તાકાતથી કામગીરી કરી છે. આમ રૂટીન ઉપરાંતની પડકારજનક કામગીરી માટે પણ આપણે સક્ષમ હોવાની પ્રતિતિ આપણે રાજ્ય સરકારને કરાવી દીધી છે. અગાઉ જ્યોતિગ્રામ યોજનાનો સમગ્ર દેશમાં પ્રથમ અમલ કરીને પણ આપણે કંપનીને ગૌરવ અપાવ્યું છે.

કોઈ પણ સંસ્થાના અસ્તિત્વ માટે તેની પોતાની વ્યાવસાયિક કામગીરી ઉપરાંત નિયમિત આવક થવી એ બહુ મહત્ત્વની બાબત હોય છે. ટી એન્ડ ડી લોસમાં આપણે સિંગલ ડિજિટમાં છીએ અને તેની સામે રેવન્યુ કલેક્શનમાં ૧૦૦ ટકા ઉપરની કામગીરી કરી છે જે આપણી ઉપલબ્ધિ છે. આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે યુજીવીસીએલના કર્મચારીઓ રાત દિવસ જોયા વગર પડકાર જનક કામગીરી કરી રહ્યા છે. જે અભિનંદનને પાત્ર છે.

ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન હિસાબી વિભાગ દ્વારા કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે, જેની હું હકારાત્મક નોંધ લઉં છું. વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન કોઈપણ જાતની પ્રતિકુળ નોંધ વિના CAGનું ઓડીટ સફળતા પૂર્વક પૂર્ણ કરેલ છે. GPRS ઓનલાઈન બિલીંગની કામગીરી ૯૭ ટકા સુધી કરેલ છે, જે માટે મીટર રીડર ભાઈઓને ખાસ અભિનંદન પાઠવું છું. રેવન્યુ કલેક્શનની મહત્ત્વની કામગીરી ચાલુ નાણાકીય વર્ષમાં ડિસેમ્બર -૨૦૧૯ સુધી ૯૯ ટકા એ પહોંચેલ છે. મને વિશ્વાસ છે કે માર્ચ-૨૦૨૦ સુધીમાં એ ટકાવારી આપણે ૧૦૦ ટકાથી ઉપર લઇ જઈશું. હિસાબી વિભાગ દ્વારા આવા સાતત્યપૂર્ણ દેખાવને લીધે MINISTRY OF POWER દ્વારા આપણી કંપનીને સમગ્ર દેશમાં બીજું સ્થાન મળેલ છે જેનું મને ગૌરવ છે. આગામી વર્ષમાં સર્વોચ્ચ સ્થાન મળે તેવી કામગીરી માટે આપ સૌ આગળ વધો તેવી શુભેચ્છા.

મિત્રો, આ વર્ષમાં આપણે કરવાની સૌથી મહત્ત્વની અને પડકારજનક પ્રવૃત્તિમાં ગુજરાત સરકાર દ્વારા 'સૂર્ય ગુજરાત' ઘરેલુ વીજ ઉત્પાદન દ્વારા ગ્રાહકોને વળતર મળે તેમજ ગુજરાત રાજ્યની હરિત ઊર્જા તરફ હરણફાળ મુખ્ય છે. ઘર ઘર માટે સૌર ઊર્જા

## Account Achievement Awards

| Sr. No. | Head Of Division & Sub-Division | Name Of S/Dn | Name Of Division | Category | Rank |
|---|---|---|---|---|---|
| 01 | Exe. Engineer/Supdt. A/c (Rev) | - | Visnagar | HT | 1 |
| 02 | Exe. Engineer/Supdt. A/c (Rev) | - | Vijapur | HT | 2 |
| 03 | Exe. Engineer/Supdt. A/c (Rev) | - | Deesa-2 | HT | 3 |
| 04 | Dy.Engineer/Dy.Supdt A/c | Suigam | Radhanpur | Rural-LT | 1 |
| 05 | Dy.Engineer/Dy.Supdt A/c | Dholka (Rural) | Bavla | Rural-LT | 2 |
| 06 | Dy.Engineer/Dy.Supdt A/c | Danta | Palanpur-2 | Rural-LT | 3 |
| 07 | Dy.Engineer/Dy.Supdt A/c | Dahegam (Town) | Gandhinagar (R) | Urban-LT | 1 |
| 08 | Dy.Engineer/Dy.Supdt A/c | Modasa (Town) | Modasa | Urban-LT | 2 |
| 09 | Dy.Engineer/Dy.Supdt A/c | Kathwada (Industrial) | Sabarmati | Urban-LT | 3 |

## Best Sub-Division for Achieving Highest Online GPRS Billing

| Sr. No. | Head Of Sub- Division | Name Of S/Dn | Name Of Division | Category | Rank |
|---|---|---|---|---|---|
| 01 | Dy.Engineer/Dy.Supdt A/c | Kheralu-2 | Visnagar | Rural | 1 |
| 02 | Dy.Engineer/Dy.Supdt A/c | Bavla Industrial | Bopal | Rural | 2 |
| 03 | Dy.Engineer/Dy.Supdt A/c | Palanpur-(R) | Palanpur-I | Rural | 3 |
| 04 | Dy.Engineer/Dy.Supdt A/c | Sidhpur- (T) | Sidhpur | Urban | 1 |
| 05 | Dy.Engineer/Dy.Supdt A/c | Mehsana- (T) | Mehsana | Urban | 2 |
| 06 | Dy.Engineer/Dy.Supdt A/c | Himatnagar-(T) | Himatnagar | Urban | 3 |

અંગે આપણી કંપનીને વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ૩૪,૦૦૦ રહેણાંકના જોડાણો અને કુલ ૧૦૧ મેગાવોટ ઉત્પાદન માટેનો લક્ષ્યાંક આપવામાં આવેલ છે. કંપનીના ૩૫ લાખ ગ્રાહકો સુધી સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત સોલાર રૂફ ટોપ લગાવવા માટે આપણે સંદેશો પહોંચાડીને ગ્રાહકોને આ વિશે સમજ આપી રહ્યા છીએ. આ યોજના અંગે ગ્રાહકોમાં જાગૃતિ કેળવીને યોગ્ય પ્રતિસાદ આપીશું તો સોલાર રૂફ ટોપનો લક્ષ્યાંક સિદ્ધ કરવાનું કામ વધુ સારી રીતે પાર પાડી શકીશું તેવો મને વિશ્વાસ છે.

પ્રજાસત્તાક દિનના પાવન પર્વ નિમિત્તે કંપની માટે વિવિધ ક્ષેત્રોમાં પ્રશંસનીય કામગીરી કરીને કંપનીનું ગૌરવ વધારનાર કર્મઠ કર્મચારીઓને તેમજ તેમના પરિવારજનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપણી કંપની દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી જે સબડિવિઝનમાં એક પણ અકસ્માત થયેલ નથી તેવા ૭ સબડિવિઝનો, વીજ ચેકિંગ દરમિયાન સૌથી વધારે ગેરરીતિ પકડનાર એવા 3 કર્મઠ એન્જિનીયરને સન્માનિત કરવાનું, કંપનીના નિર્ધારિત ધ્યેય અનુસાર સાતત્યપૂર્ણ, વિશ્વસનીય વીજ પુરવઠો પૂરો પાડનાર સબડિવિઝનોને, શહેરી તથા જ્યોતિગ્રામ ફિડરોમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે જે સબડિવિઝન દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી છે તેઓનું સન્માન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.



"No use of Single use Plastic" લઘુનાટિકા

મિત્રો, કંપની વિવિધ ક્ષેત્રોમાં અસરકારક કામગીરી થાય તે માટે સતત પ્રયત્નશીલ છે. હવે પછી પીબીઆઈએસમાં જે સબડિવિઝનની કામગીરી સારી હશે અને સ્કોર ઊંચો આવશે તેઓને પણ સન્માનિત કરવાનું નક્કી કરેલ છે. આપણી કંપનીમાં સાબરમતી સર્કલમાં કોઠ, ધંધુકા અને વિરમગામ સબડિવિઝન, પાલનપુર સર્કલમાં રાધનપુર, વારાહી, ભાભર, થરા, સુઈગામ, વાવ, શિહોરી, ધાનેરા, થરાદ અને પાંથાવાડા સબડિવિઝન, હિંમતનગર સર્કલમાં ખેરોજ, વિજયનગર, મેઘરજ અને સાઠંબા સબડિવિઝન તથા મહેસાણા સર્કલમાં સમી સબડિવિઝન જેવા રીમોટ એરિયા આવેલા છે. હવે પછી કંપનીનું ધ્યાન આવા વિસ્તારની સામાજિક, આર્થિક અને ભૌગોલિક પરિસ્થિતિ બાદ ગ્રાહકોની સ્થિતિનો અભ્યાસ કરીને ગ્રાહકોને વધારે સંતોષ આપવા જાગૃતતા અભિયાન દ્વારા વધુ સારા પરિણામો મેળવવા માટે દ્રઢ નિર્ધાર કરવો પડશે જેથી કંપનીના ટી એન્ડ ડી લોસીસ જેવા અન્ય પેરામીટરમાં વધુ સારો સુધારો લાવી શકાય. કંપનીના આવા સ્થળો પર કાર્યરત કર્મચારીઓને કંપની વિશ્વાસ આપે છે

કે પડકારજનક કામગીરી માટે પડતી મુશ્કેલીઓ માટે કંપની હંમેશા આપની પડખે રહેશે.

વીજ બચત અંગે જાગૃતિ કેળવાય તે માટે વર્ષ દરમિયાન આપણે ઘણા કાર્યક્રમો કર્યા છે. આ દિશામાં આપણે હજી ઘણું બધું કરવાનું છે. તેમ જ વીજ અકસ્માત એ આપણા માટે ગંભીર વિષય છે. આપણી કોઈ ખામીયુક્ત કામગીરીને લીધે કોઈપણ માનવી કે પશુ પક્ષીની જાનહાનિ ના થાય તે માટે સજાગ રહેવા અપીલ કરું છું. આપણે વીજ સલામતી અંગે ગ્રાહકોને પણ વધુ ને વધુ જાગૃત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. આપ સૌને પણ મારો વિશેષ અનુરોધ છે કે વીજ કામગીરી દરમિયાન આપ પોતાની સલામતી માટે પણ સતત સજાગ રહો. આપનું જીવન કંપની તથા આપના પરિવાર માટે અમૂલ્ય છે.



સૂર્ય ગુજરાત, કોર્પોરેટ ડોક્યુમેન્ટરીનું વિમોચન

વર્ષ દરમિયાન આપણી કંપનીના કોર્પોરેટ કમ્યુનિકેશન દ્વારા પ્રકાશિત થતા ''આપણું યુજીવીસીએલ''ના માધ્યમ દ્વારા મારા વિચારો પહોંચાડવાનું તથા આપણા પરિવાર દ્વારા કરવામાં આવેલ કામગીરીને પહોંચાડવાનું કામ કરી રહ્યા છીએ. તે અંગે આપનાં સૂચનો આવકાર્ય છે.

અંતમાં ૨૦૨૦નું વર્ષ આપ સર્વને સર્વ પ્રકાર સુખ, શાંતિ, સમૃદ્ધિ આપે તેમજ આપણામાં નવી ઊર્જાનો સંચાર કરે તેવી અભ્યર્થના રાખું છું અને પ્રજાસત્તાક દિન પર્વ નિમિત્તે ફરી વાર ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. વંદેમાતરમ, ભારત માતા કી જય સાથે વિરમું છું.

માનનીય મેનેજિંગ ડિરેક્ટશ્રીના સંદેશ બાદ શ્રી પ્રમોદભાઈ દરજી તેમજ શ્રી એસ. ભટ્ટાચાર્ય, નાયબ ઇજનેર, સિદ્ધપુર દ્વારા દેશભક્તિના ગીતો રજૂ કરેલ.

ઉત્કૃષ્ટ કામગીરી બદલ કર્મચારીઓ, અધિકારીઓ, કર્મચારીના પરિવારજનો તથા શૈક્ષણિક, વિશિષ્ટ કામગીરી, ચિત્રસ્પર્ધા અને રમત-ગમત ક્ષેત્રે સફળતા મેળવનારનું સન્માનપત્ર, રોકડ પુરસ્કાર તથા મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવેલ.



આપણું યુજીવીસીએલ મેગેઝિનનું વિમોચન

આ પ્રસંગે કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ ''આપણું યુજીવીસીએલ''ના ૫૩મા અંકનું, UGVCL AT A GLANCE કોર્પોરેટ ડોક્યુમેન્ટરી, 'સૂર્ય ગુજરાત' સોલાર રૂફટોપ માટેની ડોક્યુમેન્ટરીનું વિમોચન કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તેમજ ઉપસ્થિત અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ.

"No use of Single use Plastic" અન્વયે શ્રી કવન એ. પ્રજાપતિ, શ્રી રોનક રામી, શ્રી મેહુલ લામા અને શ્રી કમલેશ સીસોદીયા દ્વારા એક લઘુનાટિકા રજૂ કરવામાં આવેલ.

કાર્યક્રમનું સફળ સંચાન શ્રી કે.ડી. બારોટ, નાયબ ઇજનેર દ્વારા કરવામાં આવેલ. ■

## પ્રતિભાવ

Nice editing. Also seen last page of appreciation of your work.

**-R.M. Leuva**, JE. GETCO

આ વખતનો અંક પણ વાંચ્યો... ખૂબ સરસ રીતે બધા જ સર્કલના સમાચાર ફોટા સાથે સંકલિત કરી મસ્ત મજાનો અંક તૈયાર કરવા બદલ પૂરી ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

**-એસ.એમ. પ્રજાપતિ**, ઇએમસી, ગાંધીનગર

I am extremely delighted by received. Apanu UGVCL. It is good effort to acknowledge the work done by the company.

Retired person like me is very happy that our company is doing well. thanks

**-T.K. Nayak, Retired Superintending Engineer**

ખૂબ જ સુંદર પ્રયાસ... ખૂબ ખૂબ અભિનંદન... જનસંપર્કની ઉત્કૃષ્ટ કામગીરી થકી યશસ્વી થાઓ એવી અભ્યર્થના...

**-એમ.એ. અગ્રાવત, જીયુવીએનએલ**

અભિનંદન... લોક કલ્યાણ અર્થે અને પર્યાવરણ સુરક્ષા અંતર્ગત કરેલી પહેલ સંદર્ભે શુભેચ્છાઓ સહ પુનઃ અભિનંદન.

**-એમ.બી. અટોદરિયા, ગાંધીનગર**

## યુજીવીસીએલના અધ્યક્ષ તરીકે નિયુક્તિ



ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે હોદ્દો ધરાવતા ગુજરાત રાજ્યના સિનિયર આઈ.એ.એસ. ઓફિસર સુશ્રી શાહમીના હુસેનને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. યુજીવીસીએલ પરિવારના સભ્યો તેઓશ્રીની નિયુક્તિને આવકારે છે અને તેમના વડપણ હેઠળ કંપની ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી અપેક્ષાઓ સાથે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ■











# સાઉથ એશિયા ફોરમ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રેગ્યુલેશન (SAFIR)નું પ્રતિનિધિ મંડળ યુજીવીસીએલ સ્કાડા સેન્ટરની મુલાકાતે

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પોતાના કાર્યદક્ષતાના ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કરી વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિના સોપાનો સર કરેલ છે. જેને લીધે વિવિધ ક્ષેત્રની માહિતી મેળવવા માટે ભારતના ઊર્જા ક્ષેત્રની મીટ હંમેશા ગુજરાત દ્વારા કરવામાં આવી રહેલ વીજ વિતરણની સુદૃઢ કામગીરી પરત્વે રહેલ છે. અગાઉના સમયમાં આ પ્રકારની માહિતી મેળવવા આપણે ભારતના અન્ય રાજ્યોમાં મુલાકાત લેતા હતા હવે પરિસ્થિતી બદલાઈ છે. કંપનીના કાર્યદક્ષ અધિકારીઓ દ્વારા વીજ વિતરણ ક્ષેત્રે અસ્વિમરણીય કામગીરી હાથ ધરવામાં આવી છે અને વીજ વિતરણ ક્ષેત્રે અવનવી સિધ્ધિઓ હાસલ કરવામાં આવી છે. જેની માહિતી મેળવવા અવારનવાર અન્ય રાજ્યના વીજ ક્ષેત્રના નિષ્ણાંત અધિકારીઓ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ વિતરણ કંપનીઓની મુલાકાત લઈ રહ્યા છે, જેમાં ખાસ યુજીવીસીએલની મુલાકાત લેવા અત્યાર સુધીમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર, છત્તીસગઢની ટીમો અગાઉ પધારેલ છે.

તા. 21-1-2020ના રોજ સાઉથ એશિયા ફોરમ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રેગ્યુલેશન (SAFIR) નું પ્રતિનિધિ મંડળ યુજીવીસીએલ હસ્તકના સ્કાડા સેન્ટરની મુલાકાતે આવેલ.

સદર પ્રતિનિધિ મંડળમાં શ્રીલંકા, નેપાળ, બાંગ્લાદેશ, ભુતાનના વિદેશી પ્રતિનિધિઓ ઉપરાંત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલપ્રદેશ, ગોવા, પશ્ચિમ બંગાળ, આસામ, ઝારખંડ, છત્તીસગઢ, પંજાબ, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, તમિલનાડુ, તેલંગણાના વીજ નિયમન પંચ સાથે સંલગ્ન એવા ઉચ્ચ કંક્ષાના 25 (પચ્ચીસ) જેટલા તજજ્ઞ /અધિકારીઓની ટીમે મુલાકાત લીધેલ.

આ પ્રસંગે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ), શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, સાબરમતી, શ્રી આર.ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર (આઇટી), શ્રી વાય.એ. પરમાર તેમજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

સદર મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તક ગાંધીનગર ખાતે આવેલ સુપરવાઇઝરી કંટ્રોલ એન્ડ ડેટાએક્વિઝીસ સિસ્ટમ (SCADA) દ્વારા સંચાલિત થતા સ્માર્ટ મીટરિંગ પ્રોજેક્ટની ટેક્નિકલ વિગતો અંગે વિગતવાર માહિતી મેળવીને વિચારોનું આદન-પ્રદાન કરવાનું હતું. સદરહુ સ્માર્ટ મીટરિંગ પ્રોજેક્ટ અંગર્ત ગ્રાહકલક્ષી સગવડો ઉપર વિશેષ ભાર મુકવામાં આવેલ.

ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય મેળવ્યા બાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પધારેલ અધિકારીઓનું સ્વાગત કરીને કંપની વિશે સંપૂર્ણ માહિતી રજૂ કરવામાં આવેલ. સ્માર્ટ મીટરિંગના પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન શ્રી વાય.એ. પરમાર, શ્રી ટી.કે. શાહ, નાયબ ઇજનેર તેમજ શ્રી ગૌતમભાઈ મોદી, નાયબ ઇજનેર દ્વારા રજૂ કરવામાં આવેલ. પધારેલ પ્રતિનિધિઓ દ્વારા પ્રોજેક્ટને અનુલક્ષીને આનુસંગિક પ્રશ્નો દ્વારા વધુ વિગતો મેળવવા માટે પ્રશ્નો પુછવામાં આવેલ જેનો કંપનીના અધિકારીઓએ સાનુકૂળ પ્રતિસાદ દ્વારા ઉત્તરો આપેલ. પધારેલ અધિકારીઓએ સ્માર્ટ મીટરિંગના પ્રોજેક્ટની માહિતી મેળવીને આનંદની લાગણી અનુભવેલ. કાર્યક્રમના અંતમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પધારેલ પ્રતિનિધિઓનું મોમેન્ટો આપીને અભિવાદન કરવામાં આવેલ. ■

## હિંમતનગર ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન

તા. 10-1-2020ના રોજ હિંમતનગરમાં ઉમિયા પરિવાર હોલ, મહાવીરનગર ખાતે “સૂર્ય ગુજરાત” સોલાર રૂફટોપ યોજના અન્વયે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યારબાદ દિપપ્રાગટ્ય કરીને કાર્યક્રમને શરૂ કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોના શબ્દોથી સ્વાગત કરીને કરેલ, ત્યારબાદ પુષ્પગુચ્છથી તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં “સૂર્ય ગુજરાત” સોલાર રૂફટોપ યોજના અંગેની સીડીનું નિદર્શન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી બ્રહ્મચૈતન્ય સ્વામી આર્ટ ઓફ લિવિંગ બેંગલોર, શ્રી શ્યામભાઈ સલુજા, પ્રમુખશ્રી જીઆઈડીસી એસ્ટેટ, હિંમતનગર, ડો. દિનેશભાઈ પટેલ, જાણીતા ગાયનેકલોજીસ્ટ, હિંમતનગર, શ્રી એમ.જી. પટેલ, ભૂતપૂર્વ મુખ્ય ઇજનેર (ઓપરેશન), યુજીવીસીએલ ઉપસ્થિત રહેલ.



ઉદ્ઘાટન

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી બ્રહ્મચૈતન્ય સ્વામી દ્વારા સરકારે અમલમાં મુકેલ સોલાર રૂફટોપ યોજનાથી વીજ ઉત્પાદન દ્વારા થતું પ્રદુષણ ટાળી શકાશે તેમજ રાષ્ટ્રની મહામુલી ખનિજ સંપત્તિ જેવી કે, કોલસો, લિગ્નાઇટ, ગેસનો આપણે બચાવ કરી દેશહિતમાં આપણું યોગદાન આપી શકીશું તેમ જણાવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં ડો. દિનેશભાઈ પટેલ દ્વારા શરૂઆતમાં જ્યારે સોલાર રૂફટોપ અંગેની યોજના આવી ત્યારે જ એક જાગૃત નાગરિક તરીકે તેનો અમલ કરી પોતાના ઘરે સોલાર રૂફટોપ દ્વારા વીજળી ઉત્પાદન શરૂ કરેલ. પોતાના અનુભવ પ્રમાણે ચાર વર્ષમાં ઉત્પાદિત વીજળીમાંથી તમામ ખર્ચ પરત મળેલ અને હવે પછી 20 વર્ષ સુધી તેનો લાભ મળશે તેવું સ્વીકારેલ. નિભાવખર્ચ કોઈ હોતો નથી માત્ર સોલાર પેનલોને 15-20 દિવસે સાફ કરવાની હોય છે તેવું જણાવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં શ્રી એમ.જી. પટેલે પોતે પણ પોતાનો અનુભવ રજૂ કરેલ અને આજના યુગમાં સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ સોલાર રૂફટોપ યોજનાનો યુજીવીસીએલના તમામ ગ્રાહકોએ લાભ લેવો જોઈએ તેવો અનુરોધ કરેલ.

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી શ્યામભાઈ સલુજાએ સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ સોલાર રૂફટોપ યોજના અંગે પોતાનું હકારાત્મક પ્રતિસાદ આપેલ.

“સૂર્ય ગુજરાત” સોલાર રૂફટોપ યોજના અંગે જનજાગૃતિ કેળવાય તે માટે તે અંગેનું પ્રદર્શન રજૂ કરવામાં આવેલ તેમજ યોજનાની જાગૃતિ અંગેનું નાટક રજૂ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે નાયબ ઇજનેર, વર્તુળ કચેરી, હિંમતનગર, શ્રી ડી.જે. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ અને કાર્યક્રમનું સંચાલન શ્રી મોહનભાઈ આઈ. પટેલ, ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, માયઓન હાઇસ્કૂલ, હિંમતનગર દ્વારા સફળતાથી કરવામાં આવેલ. ■

## જીયુવીએનએલ પરિવારનું ગૌરવ

તા. 24-2-2020ના રોજ યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકાના માનનીય પ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેમના ધર્મ પત્ની શ્રીમતી મિલેનીયા ટ્રમ્પ સાથે ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગાંધી આશ્રમની મુલાકાત લીધેલ.

ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસિટી કોર્પોરેશન લી. હસ્તકની ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે કાર્યપાલક ઇજનેર તરીકે ફરજ બજાવીને તાજેતરમાં નિવૃત્ત થયેલ શ્રી પી.એસ. પરમારના ધર્મ પત્ની શ્રીમતી લતાબેન દ્વારા અમેરિકાના પ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પને રેંટિયો કાંતવાનું નિદર્શન કરીને ચરખા દ્વારા ખાદીનું કપડું કેવી રીતે બનાવી શકાય તેની પણ સમજ આપેલ. શ્રીમતી લતાબેન 2000ની સાલથી ગાંધીઆશ્રમ સાથે ગાંધીવિચારોનો અમલ કરીને પોતાની અવિરત સેવાઓ આપી રહેલ છે.



અમેરિકાના પ્રમુખ સાથે તેની મહત્ત્વની પળો ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને શુભેચ્છા પાઠવી ખૂબ ખૂબ અભિનંદન આપે છે. ■

## સખાવત

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા આર્મ્ડ ફોર્સ ફ્લેગ ડે નિમિત્તે કલેક્ટર કચેરીમાં રૂપિયા 51,000નું ભંડોળ જે તમામ કર્મચારીઓ પાસેથી ઉદાર હાથે એકત્ર કરવામાં આવેલ તે ચેક સ્વરૂપે અધિક્ષક ઇજનેર, હિંમતનગર શ્રી પી.સી. શાહના વરદ્ હસ્તે, નાયબ અધિક્ષક (એચ.આર.) શ્રીમતી તુલસીબેન ફેરાની ઉપસ્થિતિમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી વી.એલ. પટેલને અર્પણ કરવામાં આવેલ. ■



# ૧૪મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું હિંમતનગર સર્કલ દ્વારા ખેરવા ગણપત યુનિવર્સિટીમાં આયોજન

## મહેસાણા સર્કલ ટીમ ચેમ્પિયન તથા પાલનપુરની સર્કલ ટીમ રનર્સ-અપ થયેલ





ઉદ્‌ઘાટન

તા. 29-30 નવેમ્બર અને તા. 1 ડિસેમ્બર 2019 દરમ્યાન હિંમતનગર સર્કલ દ્વારા ખેરવા, ગણપત યુનિવર્સિટી ખાતે ૧૪મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ.

ઉદ્‌ઘાટન સમારંભમાં હિંમતનગર સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી પી.સી. શાહ તેમજ ઔદ્યોગિક સંબંધિક અધિકારી શ્રી પ્રણવ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેલા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી પી.સી. શાહે ખેલાડીઓને ખેલદિલીપૂર્વક રમીને ટુર્નામેન્ટને સફળ બનાવવાનો અનુરોધ કરેલ, તેમજ ટુર્નામેન્ટ અંગેની શુભેચ્છાઓ પાઠવેલ.

**14મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ મહેસાણાની ટીમ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટિંગ | ડી.ઓ. વિજાપુર (લેબ) |
| શ્રી પી.પી. પ્રજાપતિ | મીટર ટેસ્ટિંગ | ડી.ઓ. કડી (લેબ) |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા રૂરલ સબડિવિઝન |
| શ્રી વાય.ડી. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | લોદરા સબડિવિઝન |
| શ્રી એમ.પી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | એસ.ડી.ઓ. વીજાપુર |
| શ્રી ડી.એ. ચૌહાણ | સિનિયર આસિસ્ટન્ટ | જીઈકેસી મહેસાણા |
| શ્રી એ.એન. ચાવડા | જુનિયર આસિસ્ટન્ટ | ધીણોજ સબડિવિઝન |
| શ્રી વી.એલ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સતલાસણા સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌહાણ | ઈલે. આસિસ્ટન્ટ | સતલાસણા સબડિવિઝન |
| શ્રી એચ.સી. પઢિયાર | એએલએમ | ઈન્ડસ્ટ્રીયલ સબડિવિઝન મહેસાણા |
| શ્રી એસ.કે. કરમટા | જુનિયર ઈજનેર | ડી.ઓ. વીજાપુર |
| શ્રી એચ.એમ. ઓઝા | ડેપ્યુટી ઈજનેર | કુકરવાડા સબડિવિઝન |
| શ્રી એમ.કે. પટેલ | જુનિયર ઈજનેર | સિટી સબડિવિઝન મહેસાણા |
| શ્રી કે.એસ. વડોદરીયા | જુનિયર ઈજનેર | હારીજ સબડિવિઝન |
| શ્રી ડી.કે. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | કુકરવાડા સબડિવિઝન |
| શ્રી એમ.એચ. પટેલ | ઈલે. આસિસ્ટન્ટ | સતલાસણા સબડિવિઝન |

### પ્રથમ મેચ

તારીખ 29-11-2019ના રોજ રમાયેલ કોર્પોરેટ ઓફિસ મહેસાણા તથા સાબરમતી સર્કલની પ્રથમ મેચમાં સાબરમતી સર્કલે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધેલ અને 20 ઓવરમાં 137 રન 7 વિકેટ ગુમાવીને કરેલ, જેમાં શ્રી એન.આર. પારેખે 41 રન તેમજ શ્રી નિરવ દવેએ 20 રનનો મુખ્ય સ્કોર કરેલ. કોર્પોરેટ ઓફિસ મહેસાણા તરફથી શ્રી વી.એ. ચૌધરીએ 4 ઓવરમાં 27 રન આપી 3 વિકેટ ઝડપેલ.

બીજા દાવમાં કોર્પોરેટ ઓફિસ 56 રનમાં 19.6 ઓવરમાં ઓલઆઉટ થઈ ગયેલ. જેમાં સાબરમતી સર્કલના નિરવ દવેએ 4 ઓવરમાં 19 રન આપી 3 વિકેટ મેળવેલ. આમ સાબરમતી સર્કલનો 81 રને વિજય થયેલ.

### બીજી મેચ

તા. 30-11-2019ના રોજ સવારના સેશનમાં રમાયેલ હિંમતનગર અને મહેસાણા સર્કલ વચ્ચેની મેચમાં હિંમતનગર સર્કલે ટૉસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધેલ. શરૂઆતમાં 7 ઓવરમાં મહેસાણા સર્કલની 38 રનમાં

### વ્યક્તિગત ટ્રોફી મેળવનાર ખેલાડીઓ

| નામ | હોદ્દો | કામનું સ્થળ | કેટેગરી |
|---|---|---|---|
| શ્રી મયૂર ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા રૂરલ સબડિવિઝન | મેન ઓફ ધ સીરીઝ |
| શ્રી વિકાસ બારોટ | નાયબ ઈજનેર | ડિવિઝન ઓફિસ હિંમતનગર | બેસ્ટ બોલર |
| શ્રી વી.ડી. ચૌહાણ | ઈલે. આસિસ્ટન્ટ | સતલાસણા સબડિવિઝન | બેસ્ટ બેટસમેન |
| શ્રી વાય.ડી. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | લોદરા સબડિવિઝન | ફાઈનલમાં મેન ઓફ ધ મેચ |
| શ્રી જે.આર. ચૌધરી | જુનિયર ઈજનેર | પાલનપુર ડિવિઝન ઓફિસ-૧ | બેસ્ટ ફિલ્ડર |

7 વિકેટ પડતા ધબડકો થયેલ, પરંતુ શ્રી મયૂર ચૌધરી તેમજ શ્રી વિજય ચૌહાણની સમજદારીભરી બેટિંગને લીધે તેમની વચ્ચે 144 રનની વિક્રમી ભાગીદારી થયેલ, જેમાં શ્રી મહેશ ચૌધરીએ 9 છગ્ગા અને 5 ચોગ્ગા સાથે કુલ 86 રન કરેલ. જ્યારે 42 રન સાથે વિજય ચૌહાણ અણનમ રહેલ. મહેસાણા સર્કલનો સ્કોર 182 રનનો થયેલ. હિંમતનગર સર્કલના શ્રી વિકાસ બારોટ દ્વારા અદ્દ્ભુત બોલિંગ કરી 4 ઓવરમાં બે મેડન અને 12 રન આપી 6 વિકેટ ઝડપી મહેસાણાના કેમ્પમાં સન્નાટો ફેલાવેલ.

અગાઉ ઈન્ટર કંપની ક્રિકેટ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ ટીમના શ્રી ભરત કોઈટિયા દ્વારા 4 ઓવરમાં 4 મેડન અને 0 રન આપીને 6 વિકેટ લીધેલાની યાદ તાજી કરાવેલ.



ચેમ્પિયન ટીમ મહેસાણા



રનર્સ-અપ ટીમ પાલનપુર

### 14મી ઈન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ પાલનપુરની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એચ.કે. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર હાઈવે સબડિવિઝન |
| શ્રી કે.એમ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર રૂરલ સબડિવિઝન |
| શ્રી એન.એ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | ડિસા ડિવિઝન ઓફિસ-૧ |
| શ્રી વી.એચ. પ્રજાપતિ | મીટર ટેસ્ટિંગ | પાલનપુર ડિવિઝન ઓફિસ-૧ |
| શ્રી એચ.એસ. ગજ્જર | જુનિયર આસિસ્ટન્ટ | ડિસા રૂરલ-૧ સબડિવિઝન |
| શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સુઈગામ સબડિવિઝન |
| શ્રી જે.આર. ચૌધરી | જુનિયર ઈજનેર | પાલનપુર ડિવિઝન ઓફિસ-૧ |
| શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | આરએસઓ પાલનપુર |
| શ્રી બી.જી. કોઈટિયા | સિનિયર આસિસ્ટન્ટ | ડિસા ડિવિઝન ઓફિસ-૨ |
| શ્રી આર.ડી. ચૌહાણ | એલ.આઈ. | દાંતા-૧ સબડિવિઝન |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઈજનેર | પાલનપુર સિટી સબડિવિઝન |
| શ્રી એ.એ. ખનુસિયા | ડેપ્યુટી ઈજનેર | ભાભર સબડિવિઝન |
| શ્રી વી.બી. ઠાકોર | જુનિયર આસિસ્ટન્ટ | છાપી સબડિવિઝન |
| શ્રી ડી.કે. રદેચા | જુનિયર આસિસ્ટન્ટ | ડિસા રૂરલ-૨ સબડિવિઝન |
| શ્રી એસ.એલ. ઝોપે | સિનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ પાલનપુર |
| શ્રી એસ.આઈ. શેખ | ઈલે. આસિસ્ટન્ટ | પાલનપુર સિટી સબડિવિઝન |

બીજા દાવમાં હિંમતનગરની ટીમ 120 રન બનાવેલ, જેમાં મહેસાણા તરફથી શ્રી કે. વડોદરીયાએ 15 રન આપી 3 વિકેટ મેળવેલ. આમ હિંમતનગરનો 62 રનથી પરાજય થયેલ.

## ત્રીજી મેચ

તા. 29-11-2019ના રોજ બપોરના સેશનમાં રમાયેલ સાબરમતી અને પાલનપુર સર્કલ વચ્ચેના મુકાબલામાં સાબરમતી સર્કલે ટૉસ જીતી પ્રથમ બેટિંગ લીધેલ. કેપ્ટન શ્રી નિરવ દવેના 36 અણનમ રનથી સાબરમતીનો કુલ સ્કોર 67 રનમાં 18.2 ઓવરમાં ઓલઆઉટ થઇ ગયેલ. જેમાં શ્રી ભરત કોઈટિયાએ પાલનપુર તરફથી 4 ઓવરમાં 1 મેડન નાખી 15 રનમાં 4 વિકેટ ઝડપેલ. બીજા દાવમાં પાલનપુર સર્કલે 68 રન એક વિકેટ ગુમાવીને પૂરાં કરતા તેઓનો

9 વિકેટથી વિજય થયેલ.

પાલનપુર તરફથી 4 વિકેટ મેળવનાર શ્રી ભરત કોઇટિયાને 'મેન ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવેલ.

## ચોથી મેચ

તા. 1-12-2019ના રોજ ફાઇનલ મેચ પાલનપુર અને મહેસાણા સર્કલ વચ્ચે રમાયેલ જેમાં પાલનપુરે ટૉસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધેલ. પ્રથમ બેટિંગ કરતા મહેસાણા સર્કલે 40 ઓવરમાં 208 રન કરેલ જેમાં શ્રી મયૂર ચૌધરીના 34 રન, શ્રી વી.એલ. ચૌધરી 37 રન, શ્રી દિલીપસિંહ ચૌહાણના 30 રન, શ્રી વી.ડી. ચૌધરીના રન મુખ્ય હતા. જેના જવાબમાં પાલનપુરની ટીમ 26 ઓવરમાં 109 રન નોંધાવીને ઓલ આઉટ થઇ ગયેલ. જેમાં શ્રી આરિફ ખણુસીયાના 36 રન તેમજ શ્રી જે.ડી. ચોધરીના 29 રનનો મુખ્ય ફાળો હતો. મહેસાણા તરફથી શ્રી યોગેશ જેઠવાએ 6 ઓવરમાં 25 રન આપી 5 વિકેટ મેળવેલ. આમ ગત વર્ષની ચેમ્પિયન ટીમ પાલનપુરની ટીમનો 99 રનથી પરાજય થયેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં કોર્પોરેટ ઓફિસ તરફથી શ્રી એચ.એન. ભાવસાર, પર્સોનલ ઓફિસર ઉપસ્થિત રહીને વિજેતા ખેલાડીઓને ટ્રોફી-ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરી આગામી ઇન્ટર કંપની ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલ. સદર ટુર્નામેન્ટમાં પસંદગીકાર તરીકે શ્રી ગણેશભાઈ પ્રજાપતિ, હિંમતનગર તથા શ્રી રાકેશભાઈ મકવાણા મહેસાણાએ ફરજ બજાવેલ. એમ્પાયર તરીકે શ્રી બીપીનભાઈ મકવાણા તથા શ્રી ઇમ્તિયાઝભાઈ મન્ચુરીએ ફરજ બજાવેલ. જ્યારે સ્કોરર તરીકે શ્રી સુરેશભાઈ પટેલ, સિનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર, અર્બન વિભાગીય કચેરીએ ફરજ બજાવેલ.

દરેક મેચ વખતે મેન ઓફ ધ મેચના એવોર્ડ્સ આપવામાં આવેલ જે શ્રી ગણેશભાઈ પ્રજાપતિ, હિંમતનગર તરફથી આપવામાં આવેલ. તેઓશ્રીએ પસંદગીકાર તરીકે પણ કંપનીને મદદરૂપ થયેલ છે.

ટુર્નામેન્ટનું સફળ આયોજન શ્રી નિરવ દેસાઈ, શ્રી ડી.આઈ. કુંપાવત, શ્રી ઉમંગભાઈ બારોટ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ. ■

### 14મી ઇન્ટર સર્કલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા રૂરલ સબડિવિઝન |
| શ્રી વી.ડી. ચૌહાણ | ઇલે. આસિસ્ટન્ટ | સતલાસણા સબડિવિઝન |
| શ્રી વાય.ડી. જેઠવા | જુનિયર આસિસ્ટન્ટ | લોદરા સબડિવિઝન |
| શ્રી ડી.એ. ચૌહાણ | સિનિયર આસિસ્ટન્ટ | જીઇકેસી, મહેસાણા |
| શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટિંગ | વિજાપુર ડિવિઝન ઓફિસ (લેબ) |
| શ્રી કે.એ. વડોદરીયા | જુનિયર ઇજનેર | હારીજ સબડિવિઝન |
| શ્રી બી.જી. કોઇટિયા | સિનિયર આસિસ્ટન્ટ | ડિસા-૨ ડિવિઝન ઓફિસ |
| શ્રી જે.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સૂઈગામ સબડિવિઝન |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર ઇજનેર | પાલનપુર સિટી સબડિવિઝન |
| શ્રી જે.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન ઓફિસ-૧ |
| શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | આરએસઓ પાલનપુર |
| શ્રી એન.એ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | ડિસા ડિવિઝન ઓફિસ-૧ |
| શ્રી એન.આર. દવે | અધિક્ષક (હિસાબ) | સાબરમતી કોર્પોરેટ ઓફિસ |
| શ્રી બી.એન. જોષી | નાયબ અધિક્ષક (હિસાબ) | ઓગણેજ સબડિવિઝન |
| શ્રી વી.આર. બારોટ | નાયબ ઇજનેર | ડિવિઝન ઓફિસ હિંમતનગર |
| શ્રી ડી.બી. પટેલ | જુનિયર ઇજનેર | હિંમતનગર (રૂરલ) સબડિવિઝન |
| **સ્ટેન્ડબાય ખેલાડી** | | |
| શ્રી વી.એલ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સતલાસણા સબડિવિઝન |
| શ્રી કે.એ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | પ્રાંતિજ સબડિવિઝન |
| શ્રી એચ.કે. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર હાઇવે સબડિવિઝન |
| શ્રી કે.એમ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર રૂરલ સબડિવિઝન |
| શ્રી એચ.એન. પટેલ | મીટર ટેસ્ટિંગ | ડિવિઝન ઓફિસ કલોલ (લેબ) |
| શ્રી એન.આર. પારેખ | જુનિયર ઇજનેર | કલોલ-૧ સબડિવિઝન |



ઈન્ટર કંપનીમાં પસંદ પામેલ ટીમ યુજીવીસીએલ

# આપના વીજબિલની વિગતો મેળવો અને ચૂકવો પણ ઘરેથી જ : સરળતાથી, સલામતીથી!

## આપની સુવિધા માટે બે વિશેષ પહેલ


### સરળતાથી ઓનલાઇન વીજબિલની વિગત મેળવો

આપનો ગ્રાહક નંબર આ નંબર

**63598 69599**

પર વોટ્સએપ/એસએમએસ કરો

અથવા ક્લિક કરો લાઈવ લિંક
ugvcl.info/UGBILL/index.php




ગ્રાહક નંબર આપો અને મોબાઈલ/ઈ-મેઈલ પર વીજબિલની વિગત મેળવો.

### સરળતાથી ઓનલાઇન વીજબિલનું પેમેન્ટ કરો!




વીજબિલ ઓનલાઇન ચુકવવા માટે
**ugvcl.com કે ugvcl.in**
પર જાઓ.
નેટ બેન્કિંગ/કાર્ડ્સ/મોબાઈલ વોલેટ્સ/યુપીઆઈ વગેરે વિવિધ સરળ રીતે, સલામતી સાથે ચૂકવણી કરો.

BHIM Paytm G Pay PhonePe

**આપની વીજફરિયાદ માટે ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૧૫૫-૩૩૫ અથવા ૧૯૧૨૧ ઉપર સંપર્ક કરવો.**

**કોરોનાનો પ્રસાર અટકાવવામાં માનનીય વડાપ્રધાનશ્રીના પ્રયાસોમાં સંપૂર્ણ સાથ આપીએ,**
**ઘરે જ રહીને પોતે સ્વસ્થ રહીએ, સૌને સ્વસ્થ રાખીએ**

આપણું યુજીવીસીએલ

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com
mitesh@ugvcl.in